# ડભોઈની અક્ષર કાઉન્ટી સોસાયટીના બંધ મકાનમાં ચોરી થતાં ફફડાટ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.29

ડભોઈના વેગા ઓવર બ્રિજ ની બાજુમાં એવલોન સ્કૂલ પાસે આવેલ અક્ષર કાઉન્ટી સોસાયટી માં એસ.આર.પી. જવાન ના બંધ મકાન ના નકૂચા કાપી તસ્કરોએ ચોરી ને અંજામ આપ્યો હતો. જેમાં તિજોરી માં મૂકેલા રોકડા રૂપિયા 20,000 સહિત સોનાના સેટ ની ચોરી કરી ગયા હતા.

ડભોઈના વેગા ઓવર બ્રિજની બાજુમાં આવેલી અક્ષર કાઉન્ટી સોસાયટીમાં રહેતા એસ.આર.પી. જવાન સુભાષભાઈ ઝવેરભાઈ બારીયા ના પુત્ર વિશાલભાઈ બારીયા રહે છે.તેઓ સબંધી ના મરણ પ્રસંગ માં મકાન ને તાળું મારી ગયા હતા.જેથી બંધ રહેલા મકાન નંબર 74 ને રાત્રી મધ્યરાત્રિ ના તસ્કરો એ નિશાન બનાવ્યું હતું. મકાન ના મુખ્ય દરવાજા પર લાગેલા તાળા ને નકૂચા સાથે કાપી તસ્કરો મકાન માં પ્રવેશ્યા હતા.જેમા મકાન માં રહેલી તિજોરી નું લોક તોડી કપડા અને સામાન ફેંદી નાખ્યો હતો.તિજોરી માં રહેલા રોકડા રૂપિયા 20,000 તેમજ સોનાના સેટ ની ચોરી કરી અજાણ્યા તસ્કરો ફરાર થઈ ગયા હતા.ડભોઈ નગર માં ચોરીઓ ની ઉપરા ઉપરી ઘટનાઓ સહિત અક્ષર કાઉન્ટી સોસાયટી માં થયેલ ઘરફોડ ચોરી ની ઘટના થી ફફડાટ વ્યાપી ગયો હતો.

### પોલીસ ગુનાના ભેદ ઉકેલવામાં નિષ્ફળ

એક સમય હતો જ્યારે ચોરી,લૂંટ,બળાત્કાર કે ખૂન જેવા ગંભીર ગુન્હાઓ બનતા ત્યારે કોઈપણ જાત ની હાઇટેક સુવિધા વિના પોલીસ ગુનેગારો ને શોધી નાખતી હતી.હવે કોમ્પ્યુટર, ઈન્ટરનેટ,મોબાઇલ નું હાઇટેક નોલેજ ધરાવતી પોલીસ હ્યુમન સોર્સ નો વિશ્વાસ ગુમાવી બેઠી છે.જેથી પાયાનું નોલેજ ના ધરાવતી પોલીસ ગુન્હા નો ભેદ ઉકેલવામાં નિષ્ફળ રહી છે.



### બોડેલીની સૂરજધામ સોસાયટીમાં મકાનના તાળાં તૂટ્યા

# બોડેલીમાં ઠંડી વચ્ચે પણ તસ્કરો ત્રાટક્યા : ખાલી હાથે પરત ફર્યા

**ભાડુઆત** ખાલી કરી ગયા હોય તસ્કરોને કશુ ન મળ્યું



(પ્રતિનિધિ) બોડેલી, તા.29

છોટાઉદેપુર જિલ્લામાં હાલ ચાલી રહેલ ઠંડીની લહેરમાં લોકો મકાન બંધ કરી રાત્રિ દરમિયાન સુઈ જતા હોય છે જેનો ફાયદો લઈ બંધ મકાનોમાં ચોરો પોતાનું કામ કરવા માટે નીકળી જતા હોય છે એ જ રીતનો બનાવ બોડેલી સૂરજધામ સોસાયટીમાં બન્યો છે જેમાં મકાન માલિક મકાન ભાડે આપતા હતા ત્યારે મકાન ભાડુંઆત નીચેનો મકાન ખાલી કરી જતા રહ્યા હતા જેમાં તાળૂ લાગેલું જોતા ચોરો દ્વારા રેકી કરી અને મોડીરાત્રિ દરમિયાન મકાનનું તાળું તોડવામાં આવ્યું હતું સદનસીબે મકાન ભાડુઆત ખાલી કરી ગયા હોય આખું મકાન ખાલી ખમ જોવા મળતા ચોરોને ખાલી હાથે પાછું કરવું પડ્યું,, જે એક હાસ્ય રૂપ બનાવ પણ કહીએ તો ચાલે પરંતુ જે રીતના બંધ મકાનને નિશાન બનાવી તાળું તોડવામાં આવ્યું હતું. જેને લઈ આસપાસના મકાનોમાં ચોરીનો ભય ફેલાયેલ છે. જેથી પોલીસ દ્વારા વિસ્તારમાં વધુ પેટ્રોલિંગ કરવામાં આવે એવી માંગ કરી રહ્યા છે.

## ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### ક્વાંટમાં જનજાતિ કલ્યાણ આશ્રમ ગુજરાત અંતર્ગત યુવતી ચેતના શિબિર યોજાઈ હતી



**છોટાઉદેપુર ।** ક્વાંટ તાલુકા , પાવીજેતપુર તાલુકા, નસવાડી તાલુકા,અને છોટા ઉદેપુર તાલુકાના યુવતીઓ અને બહેનો હજાર રહેલ યુવતી અને બહેનો કુલ ૭૧ અને જનજાતિ કલ્યાણ આશ્રમ ના ક્ષેત્રીય કાર્યકર્તા , પ્રાંત ના કાર્યકર્તા, જિલ્લા ટીમ , તાલુકા ટીમ ના તેમજ મહેમાન થઈ ને ૧૫ કુલ- ૮૬ સંખ્યા હતી શિબિરમાં નીચે મુજબ ની મુદ્દા પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ડો. કે.સી.પરમાર - મહિલા સશક્તિકરણ વિરેન્દ્રભાઈ રાઠવા - સંઘ વિશે પ્રેમપ્યારીબેન તડવી - પંચ પરિવર્તન વિશે ડો. દિપીકાબેન રાઠવા - આરોગ્ય ( યુવતી અને બહેનો) ના વિશે.લીલાબેન નાયક - લવ જેહાદ વિશે જમાનાબેન રાઠવા - સંસ્કૃતિ અને પરંપરા વિશે જ્યોત્સનાબેન રાઠવા - યુવતી ના શિક્ષણ વિશે, વ્યસન મુક્તિ વિશે પણ ચર્ચા કરાવવામા આવી હતી. જનજાતિ કલ્યાણ આરામ ના ક્ષેત્રીય મહિલા કાર્યકર્તા નલીનીબેન મહેતા દ્વારા જનજાતિ કલયાણ આશ્રમ વિશે અને બહેનો ને આશ્વાસન અને ભાવિ કાર્યકર્તા ની અપેક્ષા સાથે બેઠક પૂરી કરી હતી.

### કાલોલમાં ઔદિચ્ય ટોળક બ્રાહ્મણ જ્ઞાતિનો સ્નેહ મિલન સમારંભ યોજાયો



**કાલોલ ।** શ્રી ઔદીચ્ય ટોળક બ્રાહ્મણ જ્ઞાતિ સમાજ કાલોલનો વાર્ષિક સ્નેહમિલન સમારંભ રવિવારે સિધ્ધનાથ મહાદેવ મંદિર કાલોલ ખાતે યોજાયો હતો જેમાં સમાજના પ્રમુખ રિતેશ પંડ્યા, ઉપપ્રમુખ ધર્મેશ જાની ,મંત્રી શૈલેષભાઈ જાની,ડિમ્પલભાઈ પંડ્યા, કારોબારી સભ્યો તેમજ મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા . માતાજીના નવચંડી યજ્ઞની સાથે યોજાયેલા કર્યક્રમમાં સમાજના સિનિયર સિટીઝનો, નિવૃત્ત કર્મચારીઓનું સન્માન તથા તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષિક વિતરણ કરવામાં આવ્યું હતું સાથે સાથે સ્નાતક અનુસ્નાતક વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. બાળ કલાકારોએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી જેમને અનિકેત પંડ્યા દ્વારા પ્રોત્સાહક ઇનામ આપવામાં આવ્યા હતા .આ પ્રસંગે.ગોધરા નિવાસી નિવૃત્ત પ્રો. અનિલભાઈ પંડ્યા તથા પ્રો.વંદનાબેન પંડ્યા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને અંતે ઉપસ્થિત સૌએ મહાઆરતી અને મહાપ્રસાદ નો લાભ લીધો હતો.

### કાલોલમાં શ્રી રામ રોટી સેવા મંડળ દ્વારા જરૂરિયાતમંદોને ધાબળા વિતરણ કરાયુ



**કાલોલ ।** કાલોલના શ્રી રામ રોટી સેવા મંડળ દ્વારા લોક ઉપયોગી પ્રવૃતિઓ કરવામાં આવે છે મેડિકલ સાધનો હોય ,ડેડ બોડી ફ્રીઝર બોક્સ હોય કે વોકર હોય, વ્હીલચેર હોય કે ભૂખ્યજનો ને ભોજન ગમે ત્યારે સેવાકીય પ્રવૃત્તિઓ માં આગળ પડતુ કાર્ય કરે છે. કાલોલ નગરના રોડ ઉપર દુકાનોના ઓટલા ઉપર કે ખુલ્લી જગ્યામાં ઉપર આભ નીચે ધરતી માની સુઈ રહેલા ગરીબ લોકો, જરૂરિયાત મંદ પરિવારજનો હાલની શિયાળાની ઠંડીમાં રાત વિતાવે છે તેવા લોકોને રામ રોટી સેવા મંડળ ના કાર્યકરો દ્વારા ગરમ ધાબળા ઓઢાડીને ધાબળા વિતરણ કરવામાં આવ્યું કાલોલ બસ સ્ટેશન થી લઈ સ્ટેશન રોડ તિરંગા સર્કલ પાસે ધાબળા વિતરણ કરવામાં આવ્યુ હતુ.

# શિનોર તાલુકાના છાણભોઈમાં આત્મીય યુવા પર્વ યોજાયો





**પ્રેમ સ્વરૂપ** સ્વામીજી મહારાજના 81 માં પ્રાગટ્ય પર્વને ઉજવણી કરવામાં આવી

(પ્રતિનિધિ) શિનોર, તા.29

હરિધામ સોખડા સ્વામિનારાયણ પરંપરાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજી મહારાજ અને તેઓના આધ્યાત્મિક અનુગામી પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી મહારાજની મહાદીયાની હીરક જયંતી તેમજ પેમસ્વરૂપ સ્વામીજી મહારાજના 81મા પાગટેલ પર્વની ભવ્ય - દિવ્ય ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી અને સાંજના 7થી 10 કલાક દરમિયાન આત્મીયતા અને સુહ્રદયભાવનો સંદેશ વ્યાપક બને તે માટે પોતાનો પાગટ્ય દિન આત્મીય પર્વ તરીકે ઉજવાય તેવો બ્રહ્મ સ્વરૂપ હરિયસાદ સ્વામીજી મહારાજનો અભિપ્રાય હતો. આત્મીય યુવા મહોત્સવમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો મહંતો મોટી સંખ્યામાં હાજરી આપી હતી જુદા જુદા રાજ્યોના ધારાસભ્ય ચૂંટાયેલા પ્રતિનિધિઓ આજુબાજુના મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

### જરોદ પાસેના અડિરણ નજીક પસાર થતી કેનાલ પરથી યુવકની બાઈક અને સ્વેટર મળ્યું

# વાઘોડિયાના ટીંબી ગામના યુવકે અડીરણ પાસે નર્મદા કેનાલમાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યુ

ફાયર બ્રિગેડ યુવકના મૃતદેહને શોધી કઢાયો

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.29

જરોદ પાસેના અડિરણ નજીક પસાર થતી નર્મદા કેનાલમા વાઘોડિયાના ટીંબી ગામના યુવકે પડતુ મુકી જીવન ટુકાવતા પરીવારમા શોકનુ મોજુ ફેલાયુ હતુ.જોકે સ્વભાવે શાંત અને ઓછુ બોલતા યુવકે અપઘાત કયા કારણોસર કર્યો તે રહસ્ય અકબંધ રહ્યુ છે. ટિંબી ગામે માતા પિતા અને ભાઈ સાથે રહેતા રિતેશભાઈ રણજીતભાઈ ગોહિલ (24) નામના યુવકનુ સાતેક મહિના પહેલા લગ્ન થયુ હતુ.યુવક વાઘોડિયા પાસે આવેલ આર. આર. કેબલ



કંપનીમાં સેકન્ડ શિફ્ટ પતાવી રાતે 11 વાગે ઘરે પરત ફરવાના બદલે ગુમ થયો હતો.વહેલી સવાર સુધી યુવક ઘરે પરત નહિ ફરતા મોડિ રાતે ગુમ થયેલા યુવકની પરીવાર અને પાડોશી તથા મિત્રો ધ્વારા વહેલી સવારે શોધખોળ હાથ ધરાઈ હતી.આજે વહેલી સવારે ગુમ થયેલા રિતેશ ગોહિલનુ બાઈક અડિરણ કેનાલ પાસેથી બિનવારસી મડી આવ્યુ હતુ. યુવકના બાઈક પર હેલ્મેટ, આઈડી કાર્ડ, સ્વેટર મડી આવ્યા હતા.પરીવારને કંઈક અજુગતુ થયાની શંકાએ ધ્રાસ્કો પડ્યો હતો.આ અંગેની જાણ જરોદ પોલીસને કરવામા આવતા જરોદ પોલીસ ઘટના સ્થળે પહોંચી હાલોલ ફાયર વિભાગની મદદથી યુવકની કેનાલમા છલાંગ લગાવ્યાની શંકાએ કેનાલમા બોટ ધ્વારા શોધખોડ હાથ ધરાઈ હતી. ઘટનાના પગલે નર્મદાની મુખ્ય કેનાલપર લોકટોડા એકઠા થયા હતા. બીજી તરફ ઘટના સ્થળેથી થોડે દુર સમી સાંજે યુવકનો મૃતદેહ ફાયર વિભાગે શોધી કાઢ્યો હતો. રિતેશનો મૃતદેહ જોતા પરીવારે હૈયાફાટ રુંદન કરતા વાતાવરણ ગમગીન બનાયુ હતુ. જરોદ પોલીસે મૃતદેહનો કબ્જો લઈ પોસમોર્ટમ અર્થે જરોદ રેફરલ હોસ્પીટલ ખાતે ખસેડ્યો હતો. ઓંચીતાનુ યુવકે ભરેલ પગલાને લઈ અગમ્ય કારણોસર અપઘાત કરી લેતા પરીવારના નિવેદનો આધારે પોલીસે અપઘાતનુ કારણ શોધવાના પ્રયત્નો હાથ ધર્યા છે.

### જબુગામના શ્રી દ્વારકાધીશ મંદિરના પ્રાંગણમાં ભાગવત કથા યોજાશે

# જબુગામ ખાતે શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ : પોથીયાત્રા નીકળી

**મંદિરના** પ્રાંગણમાં 4થી સુધી કથા યોજાશે

(પ્રતિનિધિ) બોડેલી, તા.29

છોટાઉદેપુર જિલ્લાના જબુગામ ખાતે જબુગામ ગ્રામજનોના સહયોગથી શ્રીમદ્ ભાગવત કથાનો આજથી શુભારંભ થયો, જબુગામના શ્રી દ્વારકાધીશ મંદિરના પ્રાંગણમાં તા. 29 ડીસેમ્બર 2025 ને સોમવારથી તા.4 જાન્યુઆરી 2026 ના રોજ સાત દિવસ સુધી બપોરે 2.30 થી સાંજના 6 સુધી શ્રીમદ્ ભાગવત કથાની અમૃતધારા વહેશે જબુગામ દ્વારકાધીશ મંદિરના પ્રાંગણમાં દ્વારકા નગરી ખાતે વ્યાસ પીઠ પરથી યુવા કથાકાર જયદેવ





શાસ્ત્રીજી કથાનું રસપાન કરાવશે કથામાં અલૌકિક મનોરથો યોજાશે. આજ રોજ શ્રીમદ્ ભાગવતજીની પોથીયાત્રા, શોભાયાત્રા દર્પણભાઈ શાહના નિવાસસ્થાનેથી કથા મંડપે જબુગામ નગરના રાજમાર્ગો પરથી વાજતે ગાજતે બેન્ડ વાઝા સાથે નીકળી હતી જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ, બહેનો ભક્તો ઉત્સાહભેર જોડાયા હતા આજથી જબુગામ દ્વારકાધીશ મંદિરના પ્રાંગણમાં કથાનો શુભારંભ થયો હતો જેને લઈ લોકોમાં ખૂબ જ ઉત્સાહ પણ જોવા મળ્યો હતો.

# બોડેલીમાં રખડતા શ્વાનનો આતંક:બે વ્યક્તિને બચકા ભર્યા

(પ્રતિનિધિ) બોડેલી, તા.29

છોટાઉદેપુર જિલ્લાના બોડેલીમાં રખડતા શ્વાનનો આતંક વધ્યો છે. છેલ્લા બે દિવસમાં બે વ્યક્તિઓને શ્વાને બચકા ભર્યા હોવાના બનાવો સામે આવ્યા છે જેમાં એક યુવક ઈજાગ્રસ્ત થયો હતો. આ ઘટનાઓને કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ છવાયો છે. લોકો પોતાના બાળકોને ઘરની બહાર નીકળવા પણ દેતા નથી

પ્રાપ્ત માહિતી મુજબ, બોડેલીના અમન પાર્ક વિસ્તારમાં રહેતો એક યુવક ગઈકાલે બાઈક પર ઘરે જઈ રહ્યો હતો.

તે સમયે રખડતા શ્વાને તેના પર હુમલો કરી બચકું ભર્યું હતું. આ હુમલામાં યુવકને ઈજા પહોંચી હતી.આ ઉપરાંત, અન્ય



બે થી ત્રણ વ્યક્તિઓ પર પણ શ્વાન દ્વારા હુમલા થયા હોવાના બનાવો સામે આવ્યા છે, જેના કારણે સ્થાનિક રહીશોમાં ચિંતા વ્યાપી છે. સ્થાનિક રહીશો દ્વારા તંત્ર સમક્ષ રખડતા શ્વાનોને પકડીને પાંજરે પૂરવા અને આ સમસ્યાનો વહેલી તકે ઉકેલ લાવવા માટે માંગ કરવામાં આવી રહી છે.

કેમકે બોડેલી નગરમાં અનેક શાળાઓ આવેલ છે ત્યાં આસપાસના ગામડાઓમાંથી બાળકો ભણવા અર્થે પણ આવતા હોય છે અને આ રીતના માહોલ બનતા તે લોકોમાં પણ ભય જોવા મળી રહ્યો છે જેથી કરીને તંત્ર દ્વારા વહેલી તકે આ બાબતનું નિરાકરણ લાવવામાં આવે એવી આસપાસના ગામોના લોકોની પણ માંગ ઉઠી છે.

### લીમખેડા હાઈવે પર કાર ટક્કરે બાઈક સવાર મહિલાનું મોત

(પ્રતિનિધિ) લીમખેડા, તા.29

લીમખેડા નજીક કાંકરા ફળિયામાં રેહતા કલ્પેશભાઈ બારીયા પોતાની પત્ની સગર્ભા અંજનાબહેન (ઉ.વ.24) તથા અઢી વર્ષની નાની બાળકી સાથે સાસરી દાભડા ગામે ગયા હતા અને રાત્રીના આઠેક વાગ્યાના સુમારે પોતાના ગામ જતા હતા. અકસ્માત ઝોન તરીકે જાણીતા વિજય હોટલ ચોકડી નજીક નાની બાળકીને ઊલટી જેવું થતાં બાઈક ઊભી રાખવા જતા દાહોદ તરફથી આવતી કાર નંબર જીજે1 એચ.યુ.9157ના ચાલકે પુરઝડપે હંકારી લાવી બાઈકને ટક્કર મારતાં અંજનાબહેનને ગંભીર ઈજા પહોંચતા સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે કલ્પેશભાઈ તથા તેની અઢી વર્ષની નાની બાળકીને ગંભીર ઈજાઓ પહોચતા હોસ્પિટલમાં ખસેડાયાં હતાં. આ અકસ્માત બાદ ઈકો કારચાલક કાર લઈને ભાગી ગયો હતો. લીમખેડા પોલીસનાં કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહે ભથવાડા ટોલનાક પરથી ઝડપી લીધો હતો લીમખેડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# છોટાઉદેપુરમાં કોંગ્રેસની જન આક્રોશ યાત્રાનું સ્વાગત કરાયું

**અમિત ચાવડાના** સરકાર ઉપર આકરા પ્રહારો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.29

કોંગ્રેસ પક્ષ દ્વારા ફાગવેલથી નીકળેલી જન આક્રોશ યાત્રા નવમા દિવસે છોટાઉદેપુર નગર ખાતે આવી પહોંચી હતી. છોટાઉદેપુર નગરમાં આવેલી જન આક્રોશ યાત્રામાં કોંગ્રેસના અગ્રણી અમિત ચાવડા તથા તુષાર ચૌધરીનું ઢોલ નગારા સાથે ફૂલ હાર થી મોટી સંખ્યામાં કાર્યકરો દ્વારા સ્વાગત કરાયું હતું.

છોટાઉદેપુરના ગોલાગામડીથી પ્રવેશી હતી. આ યાત્રામાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો બાઈક રેલી અને ડીજે સાથે



જોડાયા હતા. અને ત્યારબાદ આ યાત્રા છોટાઉદેપુર જિલ્લામાં નસવાડી, કવાંટ તાલુકાના વિવિધ ગામોમાં થઈ આજરોજ છોટાઉદેપુર નગર ખાતે આવી પહોંચી હતી

કોંગ્રેસ દ્વારા રાજ્યવ્યાપી જન આક્રોશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, જેનાથી કોંગ્રેસ કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. આ યાત્રા મોંઘવારી, બેરોજગારી, ખેડૂતોની સમસ્યાઓ, આદિવાસીઓના હક્કો, ભ્રષ્ટાચાર અને અન્યાય જેવા જનતાના પ્રશ્નો સામે અવાજ ઉઠાવવા માટે યોજાઈ હોવાનું કોંગ્રેસ અગ્રણી અમિત ચાવડાએ જણાવ્યું હતું. અને હાલની સરકાર પર આકરા પ્રહારો કરતા દારૂબંધી, નળ સે જળ યોજનામાં ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવ્યો હતો.

### વાઘોડિયા મંદિરે ડો. જ્ઞાનવત્સલ સ્વામીની સત્સંગ સભા યોજાઈ



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.29

માડોધર રોડપર આવેલ બીએપીએસ સ્વામી નારાયણ સંસ્થાન ના પ્રગટ બ્રહ્મ સ્વરૂપ ગુરૂહરી મહંત સ્વામી મહારાજની ૯૨મી જન્મજયંતીની ઊજવણીના ઊપક્રમે સમગ્ર વડોદરા જીલ્લા ખાતે સત્સંગસભાનુ આયોજન કરવામા આવી રહ્યુ છે. તે અંતર્ગત વાઘોડિયામા પણ 28 ડિસેમ્બર 2025 ના સાંજે સત્સંગ સભા નું આયોજન કરવામાં આવ્યું હતું.સાથેજ વડોદરામા 2 ફેબ્રુઆરી 2026ના રોજ પ્રમુખસ્વામી મહારાજની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવશે તે માટે નિમંત્રણ પાઠવવામાં આવ્યું.મોટીવેશનલ સંત ડો. જ્ઞાનવત્સલ સ્વામી દ્વારા પ્રેરક પ્રવચન થકી હરીભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા.આ પ્રસંગે વાઘોડિયા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા તેમજ પારુલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ડૉ. દેવાંશુ પટેલ, નિલેષભાઈ પુરાણી, રાજુભાઈ અલવા, ભારતસિંહ સહિત વાઘોડિયા અને તાલુકાના મુખ્ય અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.